SINCE 1973
વિચારે
મસાલા

પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૨૯ મે, ૨૦૨૬, શુક્રવાર
વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક
Page : 4 * Price : Rs. 1 * 29th May-2026, Friday * Year : 12 * Volume : 44 * Published From Vadodara. (Guj.)

વડપ્રદ ટુડે

Vadprad Today
તંત્રી: ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૨ માહે અ.જેઠ સુદ-૧૩ વર્ષ : ૧૨, અંક : ૪૪
RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023

કર્ણાટકના રાજકારણમાં વરસોથી ચાલતી અટકળોનો અંત : સિધ્ધારમૈયા રાજ્યસભામાં નહીં જાય, કર્ણાટકમાં જ સક્રિય રહેશે

કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાનું રાજીનામું : ડી કે શિવકુમાર સીએમ બનશે

બેંગલુરુ, તા.૨૮
કર્ણાટકના રાજકારણમાં આજની સવાર એક મોટો ભૂકંપ લઈને આવી છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આણતા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આખરે પોતાના પદ પરથી રાજીનામું આપવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. બેંગલુરુ સ્થિત તેમના નિવાસસ્થાને કેબિનેટ સાથીદારો સાથે યોજાયેલી નાસ્તાની બેઠકમાં વાતાવરણ ત્યારે ગંભીર બની ગયું જ્યારે સિદ્ધારમૈયાએ મક્કમ સ્વરે પોતાના સાથીઓને જણાવ્યું કે તેઓ બપોરે ૩ વાગ્યે રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપશે. આ બેઠક માત્ર ભોજન પૂરતી મર્યાદિત ન રહેતા સત્તા હસ્તાંતરણની ઔપચારિક મહોર બની ગઈ હતી, જેનાથી રાજ્યના રાજકીય સમીકરણો રાતોરાત બદલાઈ ગયા છે. તેમણે બપોરના ત્રણ વાગે રાજ્યપાલને પોતાનું રાજીનામું સુપ્રત કર્યું હતું. આ સત્તા પરિવર્તનના કેન્દ્રમાં કોંગ્રેસના 'સંકટમોચક' ગણાતા ડી.કે. શિવકુમારનું નામ મોખરે છે. હાઈકમાન્ડના આદેશ બાદ સિદ્ધારમૈયાએ માત્ર રાજીનામું જ નથી આપ્યું, પરંતુ શિવકુમારને પોતાના અનુગામી તરીકે સ્વીકારીને એકતાનો સંદેશ પણ આપ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં શિવકુમાર ભાવુક થઈને સિદ્ધારમૈયાને ભેટી રહ્યા છે અને તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લઈ રહ્યા છે. આ દ્રશ્યોએ સ્પષ્ટ કરી દીધું છે કે પક્ષની અંદર ભલે ખેંચતાણ રહી હોય, પરંતુ વિદાય લેતા મુખ્યમંત્રીએ મોટા ભાઈની ભૂમિકા ભજવીને સન્માનજનક રીતે સત્તાની લગામ સોંપી છે. જોકે, આ સમગ્ર ઘટનાક્રમ પાછળ દિલ્હી દરબારની મહત્વની ભૂમિકા હોવાનું મનાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથેની મેરેથોન બેઠકો બાદ સિદ્ધારમૈયાએ પક્ષના હિતમાં આ કઠિન નિર્ણય લીધો છે. રાહુલ ગાંધીએ તેમને રાષ્ટ્રીય રાજકારણમાં મોટી જવાબદારી અને રાજ્યસભાની બેઠકની ઓફર પણ કરી છે, પરંતુ હાલમાં સિદ્ધારમૈયાએ કેન્દ્રીય ભૂમિકા માટે મૌન સેવ્યું છે. બીજી તરફ, રાજ્યપાલ થાવરચંદ ગેહલોત હાલમાં ઈન્દોર હોવાથી રાજીનામાની પ્રક્રિયામાં ટેકનિકલ વિલંબ થઈ શકે છે, પરંતુ કર્ણાટકની ગલીઓમાં હવે ડી.કે. શિવકુમારના રાજ્યાભિષેકની તૈયારીઓના અવાજ સંભળાવા લાગ્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા તેમને રાજ્યસભામાં મોકલવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો જો કે રાજીનામું આપ્યા બાદ તેમણે રાજ્યસભામાં નહીં જવાનો અને કર્ણાટકમાં પ્રજાની વચ્ચે રહેવાની જાહેરાત કરી હતી. સિદ્ધારમૈયાએ પોતાની રાજકીય પસંદગી અંગે કહ્યું હતું કે તેઓ રાજ્યના વિકાસ માટે જમીન સ્તર પર કામ કરવા માંગે છે રાજ્યસભામાં જવું એ તેમના માટે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવા જેવું હતું તેથી તેઓ દિલ્હીના રાજકારણને બદલે કર્ણાટકના રાજકારણમાં સક્રિય રહેશે. શુક્રવારે વિધાનસભા દળના નેતાની પસંદગી બાદ ડી.કે.શિવકુમાર નવા મુખ્યપ્રધાન બનશે અને તેમના શપથ ગ્રહણ સમારોહની જાહેરાત કરાશે.

બાંગ્લાદેશી ઘુષણખોરોને દેશ છોડવાની કડક શબ્દોમાં ચેતવણી

જો બાંગ્લાદેશી ઘુષણખોરો સ્વેચ્છાએ પાછા ફરે તો કોઈ કેસ નહીં: અમિત શાહ

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદ ખાતેથી બાંગ્લાદેશી ઘૂસણખોરોને દેશ છોડી દેવાની કડક ચેતવણી આપી છે. તેમણે ગેરકાયદેસર રીતે રહેતા લોકોને પોતાની મેળે જ વતન પાછા ફરવા આહવાન કર્યું છે. ગૃહમંત્રીએ સ્પષ્ટ કર્યું કે, જો ઘૂસણખોરો સ્વેચ્છાએ પાછા ફરશે તો પશ્ચિમ બંગાળ સરકાર તેમની સામે કોઈ કાનૂની કેસ દાખલ નહીં કરે અને તેમને બહાર નીકળવામાં વહીવટી મદદ પણ પૂરી પાડશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે સરકાર દ્વારા સત્તાવાર ઓળખ અભિયાન શરૂ થાય તે પહેલાં જ મોટી સંખ્યામાં ઘૂસણખોરો દેશ છોડી દેશે. બંગાળ વિધાનસભા ચૂંટણીના વચનોને યાદ કરતા અમિત શાહે જણાવ્યું કે, અગાઉની મમતા બેનરજી સરકારના કાર્યકાળ દરમિયાન બંગાળમાં રોજ ગેરકાયદેસર ઘૂસણખોરી થતી હતી. પરંતુ હવે ત્યાં ભાજપની સરકાર રચાતા જ વહીવટીતંત્ર અત્યંત કડક બન્યું છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની સરકારે

> **સરકાર સત્તાવાર ઓળખ અભિયાન શરૂ કરે તે પહેલા ઘુષણખોરો દેશ છોડી દેશે : અમિત શાહ**

ઘૂસણખોરો સામે કડક કાનૂની શિકંજો કસ્યો છે અને તેમના માટે વિશેષ અટકાયત કેન્દ્રોની સ્થાપના કરી છે. તદુપરાંત, ૨૬ મેના રોજ કેન્દ્ર સરકાર દ્વારા વસ્તી પરિવર્તન પર ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવતા જ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સમાં ફફડાટ ફેલાયો છે અને તેઓ ભારતમાંથી ભાગવા લાગ્યા છે. સરહદી સુરક્ષાને મજબૂત કરવાના મુદ્દે ગૃહમંત્રીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, "અમે ચૂંટણી દરમિયાન વચન આપ્યું હતું કે સત્તા પર આવતાની સાથે જ બાંગ્લાદેશ સરહદ પર બાકી રહેલ વાડ (Fencing) નું કામ પૂર્ણ કરવામાં આવશે." મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ માત્ર સાત દિવસના ટૂંકા ગાળામાં સરહદી વાડના નિર્માણ માટે ૬૦૦ હેક્ટર જમીન બોર્ડર સિક્યુરિટી ફોર્સને સોંપી દીધી છે. આ ઉપરાંત, વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી ૧૨૧ હેક્ટર 'ચિકન નેક' જમીન પણ બીએસએફને સુપ્રત કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના આ સંયુક્ત પગલાંથી દેશની સરહદો વધુ સુરક્ષિત બનશે અને ઘૂસણખોરી પર સંપૂર્ણ વિરામ લાગશે.

કોંગોથી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮
આફ્રિકન દેશો યુગાન્ડા અને કોંગોમાં ઈબોલા વાઈરસ આતંક મચાવી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં ઈબોલાનો પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાયો છે. કોંગોથી મુંબઈ થઈ વડોદરા આવેલી આ ૩૭ વર્ષની વ્યક્તિમાં શરદી-ખાંસીના લક્ષણો હતા, જેથી પ્રથમ બે દિવસ તેમને વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ બાદમાં શંકાસ્પદ લક્ષણો જણાતા તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યાં તેમના સેમ્પલ લઈ વધુ ચકાસણી માટે મોકલાયા છે. આ સાથે મૂળ આફ્રિકન દેશના આ યુવકના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે આફ્રિકન દેશોનો પ્રવાસ કરી ભારત પરત ફરતા ૧૧ લોકોને ઘરે હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આફ્રિકન દેશો યુગાન્ડા, દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા ૧૧ જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના જણાવ્યાનુસાર, આ તમામ મુસાફરો અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહે છે. હાલમાં આમાંથી એકપણ વ્યક્તિમાં ઈબોલાના લક્ષણો દેખાયા નથી, તેમજ તેઓ ત્યાં કોઈ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી. જો કે, સાવચેતીના પગલે હવે પછી આ ત્રણ દેશોમાંથી આવનારા તમામ મુસાફરો માટે હોમ આઈસોલેશન ફરજિયાત રહેશે. આ ઉપરાંત, કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં દર્દીઓને ક્વોરેન્ટાઈન કરવા માટે અલગથી ૩૦ બેડનો વિશેષ વોર્ડ તૈયાર કરી દેવાયો છે.

ગીરમાં સીડીવી વાયરસના કહેર વચ્ચે ચાર સિંહ બાળના મોતથી વનવિભાગ એકશન મોડમાં

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮
ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહોના ગઢ ગીરના જંગલમાંથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગીરમાં (કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ) ના શંકાસ્પદ પ્રકોપ અને સિંહોના સતત થઈ રહેલા મોતના પગલે વન વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં ૪ સિંહબાળના કરુણ મોત નીપજતાં રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સ્થિતિની સમીક્ષા કરી હતી, જ્યારે વડાપ્રધાન કાર્યાલયની પણ આ મામલે સતત નજર રાખી રહ્યું છે. ગીરમાં સિંહબાળના મૃત્યુના પગલે વન વિભાગે સિંહના વેક્સીનેશનની કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત, વિભાગ દ્વારા ટીકાકરણનું

> **મુખ્યપ્રધાને ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી ૧૭ સિંહ આઈસોલેટ, વેકસીનેશન શરૂ**

કાર્ય પણ કરવામાં આવી રહ્યું છે. જુદા જુદા વિસ્તારોમાં ૪ સિંહબાળના મોત અંગે મુખ્યમંત્રીએ વન પર્યાવરણ અગ્ર સચિવ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. સંક્રમણ ફેલાતું અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારના કુલ ૧૭ જેટલા સિંહોને આઈસોલેટ કરીને સ્પેશિયલ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં રહેલા તમામ સિંહોનું સઘન મોનિટરિંગ શરૂ કર્યું છે, અમરેલી અને ભાવનગર જિલ્લાના મહેસુલી વિસ્તારોમાં પણ વન વિભાગ દ્વારા સિંહોનું દૈનિક નિરીક્ષણ કરી અહેવાલ મેળવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીની બેઠક બાદ વન વિભાગની સર્વોચ્ચ ટીમ તાબડતોબ ગીર ખાતે

અનુ. પાન.. (૨) ઉપર

દેશના અનેક રાજ્યોમાં આજથી ચાર દિવસ વાવાઝોડા સાથે વરસાદની સંભાવના

નવી દિલ્હી, તા.૨૮
જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી, તે સમય આવી ગયો છે. ઉત્તર ભારત સહિત દેશના ઘણા ભાગોમાં હવામાન પલટવા જઈ રહ્યું છે. ભીષણ ગરમીનો માર સહન કરી રહેલા ઘણાં રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદ અને તોફાનનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર-પશ્ચિમ ભારત, રાજસ્થાન, વિદર્ભ, પૂર્વીય મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં ગરમીમાં ઘટાડો થશે. બીજી તરફ, આગામી બે-ત્રણ દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વીય અને તેને અડીને આવેલા પૂર્વીય ભારતમાં દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ભારે વરસાદ થશે. હવામાન વિભાગે ચેતવણી છે કે ૨૮ મે થી ૩૧ મે એટલે કે ચાર દિવસ દરમિયાન, ઉત્તર ભારત, મધ્ય ભારત, પૂર્વીય ભારતમાં તીવ્ર પવન સાથે મધ્યમથી ભીષણ વાવાઝોડું-તોફાન આવવાનું છે. આ દરમિયાન, ઘણી જગ્યાએ ૧૦૦ની સ્પીડથી તેજ પવન પણ ફૂંકાશે. પૂર્વોત્તર ભારતની વાત કરીએ તો ૨૮ મે અને એકથી ત્રણ જૂન દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલયમાં અને ૨૮ મે તથા ૩૧ મે થી ત્રણ જૂન દરમિયાન નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં જુદી જુદી જગ્યાઓ પર ભારે વરસાદ થશે. દક્ષિણ ભારત માટે હવામાન વિભાગે કહ્યું કે કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તેલંગાણામાં ૨૮ મે થી એક જૂન દરમિયાન, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને પુડુચેરીમાં ૩૧ મે થી એક જૂન દરમિયાન, રાયલસીમામાં ૩૦ થી ૩૧ મે દરમિયાન ગાજવીજ, વીજળી અને ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે છૂટાછવાયાથી મધ્યમ વરસાદની શક્યતા છે. કર્ણાટક અને રાયલસીમામાં ૨૮ થી ૨૯ મે દરમિયાન, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, યનમમાં ૨૮-૩૦ મે દરમિયાન, ગાજવીજ સાથે વાવાઝોડું આવવાની શક્યતા છે.

અનુ. પાન.. (૨) ઉપર

બનાસકાંઠામાંથી નકલી ઘીના ૧૭૧ ડબ્બા સાથે ટેમ્પો ઝડપાયો

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮
બનાસકાંઠામાં ફરી એક વખત શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો છે. બનાસકાંઠા એસઓજી દ્વારા શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના વેચાણ સામે લાલ આંખ કરવામાં આવી છે. ગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એસ.ઓ.જી. ટીમને શંકાસ્પદ હાલતમાં એક પીકઅપ વાહન ઝડપ્યું હતું, જેની તપાસ કરતા મોટો ખુલાસો થયો છે. ઉલ્લેખનીય છે કે તપાસ દરમિયાન પોલીસને વાહનમાંથી બ્રાન્ડેડ હોવાનો દાવો કરતા ઘીના કુલ ૧૭૧ જેટલા ડબ્બા મળી આવ્યા હતા. એસઓજી પોલીસે આ શંકાસ્પદ ઘીનો જથ્થો અને વાહન સહિતનો કુલ મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે પોલીસ હાલ આ દિશામાં તપાસ કરી રહી છે કે આ ઘીનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેનું વેચાણ ક્યાં અને કોને કરવાનું હતું. એસઓજી ટીમ દ્વારા પીકઅપ વાહનના ચાલકની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે, જેથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે જોડાયેલા મુખ્ય સૂત્રધાર સુધી પહોંચી શકાય. ગઢ પોલીસ દ્વારા ઘીની કાળા બજારીનો પર્દાફાશ કર્યો છે. સમગ્ર ઘટનાની વાત કરીએ તો પોલીસ દ્વારા પેટ્રોલિંગ સમયે શંકાસ્પદ પીકવાનનું ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો છે. પોલીસે ૧૭૧ ઘીના ડબ્બા અને ડ્રાઈવરની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આ ઘીનો જથ્થો ક્યાંથી લાવ્યા અને ક્યાં લઈ જવાના હતા તે અંગે પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

હું જવાબદારી સ્વીકારું છું, ખામીઓ દૂર કરાશે : કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી, તા.૨૮
CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં ગરબડ અને રિ-ઈવેલ્યુએશન પ્રક્રિયામાં ટેકનિકલ ખામીઓને લઈને દેશભરના વિદ્યાર્થીઓના ભારે વિરોધ બાદ આખરે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મૌન તોડ્યું છે. હું જવાબદારી લઉં છું, ખામીઓ દૂર કરાશે એમ જણાવી મંત્રીએ વિદ્યાર્થીઓને ખાતરી આપી કે કોઈની ફરિયાદ અનુત્તર નહીં રહે. ગુરુવારે મુખ્યાલય ખાતે બોર્ડના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા પ્રધાને સ્વીકાર્યું કે સિસ્ટમના પ્રથમ વખતના ઉપયોગમાં કેટલીક ખામીઓ સામે આવી છે. તેમણે કહ્યું "આ ખામીઓ માટે હું જવાબદારી લઉં છું. અમે ઉકેલ લાવીશું.

સયાજી હોટેલ્સ (પુણે) લિમિટેડ

CIN : L55204GJ2018PLC161133
રજીસ્ટર્ડ ઓફીસ : કાલા ઘોડા સર્કલ પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત- 390020, ભારત
ફોન: 0731-4006666, ઈમેલ આઈડી: cs@shplpune.com, વેબસાઈટ: www.shplpune.com

૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પુરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટે ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો અંશ

(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone				Consolidated			
		Quarter Ended		Financial Year Ended		Quarter Ended		Financial Year Ended	
		31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)
1	કામકાજમાંથી કુલ આવક (ચોખ્ખી)	2,151.53	1,999.77	8,134.66	7,676.46	2,151.53	1,999.77	8,134.66	7,676.46
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો)	538.21	539.20	2,626.08	2,364.02	510.70	504.64	2,597.82	2,300.79
3	કરવેરા પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી)	538.21	539.20	2,626.08	2,364.02	510.70	504.64	2,597.82	2,300.79
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી)	390.64	404.09	1,965.98	1,761.98	363.16	365.13	1,940.34	1,694.72
5	સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો / (તોટો) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે	388.91	407.24	1,965.00	1,755.59	362.43	369.28	1,939.36	1,688.32
6	ઇક્વિટી શેર મૂડી	304.66	304.66	304.66	304.66	304.66	304.66	304.66	304.66
7	પાછલા વર્ષના ઓડિટેડ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ અનામત (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-	-	-	7,930.99	-	-	-	7,877.61
8	શેર દીઠ કમાણી (₹૧૦/- પ્રતિ) (ચાલુ અને બંધ કામકાજ માટે) મૂળભૂત :	12.82	13.26	64.53	57.83	11.92	11.99	63.69	55.63
	ઘટાડેલી :	12.82	13.26	64.53	57.83	11.92	11.99	63.69	55.63

નોંધ: ઉપરોક્ત ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટેના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે જે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટેના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com અને કંપનીની વેબસાઇટ www.shplpune.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા QR કોડને સ્કેન કરીને તેને એક્સેસ કરી શકાય છે.

સ્થળ: વડોદરા
તારીખ: ૨૮.૦૫.૨૦૨૬
બોર્ડના આદેશથી
સયાજી હોટેલ્સ (પુણે) લિમિટેડ માટે
સહી/-
નિમેષકુમાર નટવરલાલ ગાંધી
સ્વતંત્ર નિયામક

સયાજી હોટેલ્સ લીમીટેડ

CIN : L51100GJ1982PLC162541
રજીસ્ટર્ડ ઓફીસ : 441, 942/1942, ટીપી નંબર 66, ભીમનાથ બ્રિજ પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત-390020, ભારત
ફોન: 0731-4006666, ઈમેલ આઈડી: cs@sayajigroup.com, વેબસાઈટ: www.sayajihotels.com

૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પુરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટે ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો અંશ

(₹ In Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone				Consolidated			
		Quarter Ended		Financial Year Ended		Quarter Ended		Financial Year Ended	
		31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)	31.03.2026 (Audited)	31.03.2025 (Audited)
1	કામકાજમાંથી કુલ આવક (ચોખ્ખી)	3,764.72	3,965.26	14,878.43	13,827.62	3,764.72	3,965.26	14,878.43	13,827.62
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો)	256.75	150.32	367.93	1,310.83	263.06	154.33	386.88	1,326.27
3	કરવેરા પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી)	1,368.45	150.32	1,479.63	1,310.83	1,374.76	154.33	1,496.58	1,326.27
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી)	999.41	170.09	1,109.82	1,021.01	605.64	(427.62)	(631.78)	207.53
5	સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો / (તોટો) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે	1,043.02	157.05	1,125.12	989.98	649.15	(435.05)	(661.46)	137.01
6	ઇક્વિટી શેર મૂડી	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80
7	પાછલા વર્ષના ઓડિટેડ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ અનામત (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-	-	-	3,959.38	-	-	-	14,200.48
8	શેર દીઠ કમાણી (₹૧૦/- પ્રતિ) (ચાલુ અને બંધ કામકાજ માટે) મૂળભૂત :	5.70	0.97	6.33	5.83	3.46	(2.44)	(3.61)	1.18
	ઘટાડેલી :	5.70	0.97	6.33	5.83	3.46	(2.44)	(3.61)	1.18

નોંધ: ઉપરોક્ત ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે જે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com અને કંપનીની વેબસાઇટ www.sayajihotels.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા QR કોડને સ્કેન કરીને તેને એક્સેસ કરી શકાય છે.

સ્થળ: વડોદરા
તારીખ: ૨૮.૦૫.૨૦૨૬
બોર્ડના આદેશથી
સયાજી હોટેલ્સ લીમીટેડ માટે
સહી/-
નિમેષકુમાર નટવરલાલ ગાંધી
ચેરમેન